# રાત્રીના સમયે ઘરમાં લોકો સુતેલ હોય ત્યારે મોબાઇલ ચોરી કરતા બે આરોપીને ઝડપી પાડતી, મહીધરપુરા પોલીસની ટીમ.

સુરત શહેરના મહીધરપુરા પોલીસ સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં અ પડત ગુન્હા અંગે પેટ્રોલીંગ હતા તે દરમ્યાન અ.પો.કો.કમલેશ લીલાભાઇ તથા અ.પો.કો. નરેન્દ્ર ચેલજીભાઇ નાઓને બાતમી હકિકત મળેલ જે આધારે આરોપીઓ નામે (૧) કિશનસિંગ સુરેન્દ્રસિંગ ચૌહાણ ઉ.વ.૧૯ રહે, પ્લોટ ૫૪, રણછોડનગર ગોડાદરા આસપાસ સુરત શહેર મુળ વતન, ગામ-નગરીયા પોસ્ટ-રાજીવપુરા જી-ઇટાવા (ય.પી)તથા (૨)અંકિત વિનોદપ્રસાદ સોની ઉ.વ. ૨૦ રહે, રૂમ નં. ૧૩, કૈલાશનગર પરવતગામ, સુરત શહેર, મુળ વતન ગામ-નટવાર રાજપુર તા. રોહતાશ જી. રોહતાશ (બિહાર) નાઓને ઘરમાંથી ચોરી કરેલા મોબાઇલ ફોન નંગ-૨ કીંમત રૂપીયા ૧૩,૦૦૦/-તથા એક કાળા કલરની ટુ વ્હિલર **220** મોટર સાયકલ જેની કીંમત રૂ.૮૫,૦૦૦/- મળી કુલ્લે કીંમત રૂ.૯૮,૦૦૦/-ના મતાના મુદામાલ સાથે પકડી પાડી બન્ને આરોપીઓને નીચે મુજબના ગુન્હાઓમાં સડોવાયેલ હોય જે ગુન્હાઓ વણશોધાયેલ હોજે શોધી કાઢી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

આરોપીઓની એમ.ઓ. :-આ કામે પકડાયેલ મજકુર આરોપીઓ રાત્રીના સમયે ઘરમાં લોકો સુતેલ હોય ત્યારે તેઓના મોબાઇલ ફોનની ચોરી કરવાની ટેવવાળા છે.

આરોપી નં. ૨, અંકિત વિનોદ પ્રસાદ સોનીનો પૂર્વ ઇતિહાસ :-(૧) લીમ્બાયત પો.સ્ટે. **I**-૧૦૪/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ પકડાયેલ છે (૨) લીમ્બાયત પો.સ્ટે. **I**-૧૫૦/૨૦૧૫ ઇ.પી.કો.કલમ ૩૮૦, ૪૫૭ પકડાયેલ છે (૩) ડીંડોલી પો.સ્ટે. **I**-૧૯૩/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૩૮૦, ૪૫૭ પકડાયેલ છે (૪) ડીંડોલી પો.સ્ટે. **I**-૨૧૭/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ પકડાયેલ છે (૫) લીમ્બાયત પો.સ્ટે. સન ૨૦૧૬ માં પાસા કરેલ છે.